Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 3, Issue - 1, Jan-Feb – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 01/01/2020 Accepted on : 14/01/2020 Publication Date: 28/02/2020

# 'પુરાતત્વ' સામયિક (1922) : વિષયવસ્તુનાં સંદર્ભમાં સમિક્ષા

('Archaeology' magazine (1922): A review in the context of content)

**બકુત્રા અનિલ દાનાભાઈ (BAKUTRA ANIL DANABHAI)**
**Ph.D. Research Scholar,**
**ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા,**
**મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (ગુજરાત)**
Email - anilbakutra@gmail.com

**સારાંશ:** ગુજરાતી ભાષાનું સૌપ્રથમ સમાચાર પત્ર 'મુંબઈ સમાચાર', પ્રથમ વૃત્ પત્ર 'વરતમાન', જ્યારે સૌ પ્રથમ સામયિક બુદ્ધિપ્રકાશ છે. આમ ઈ.સ. ૧૮૫૦ માં સૌપ્રથમ ગુજરાતી સામયિક 'બુદ્ધિપ્રકાશ' ની શરૂઆતથી ગુજરાતની સામયિક પ્રવૃત્તિનો આરંભ થયો હતો. ત્યારબાદ સમયાંતરે અનેક વિષયો આધારીત સામયિક પ્રકાશિત થયા હતા જે અંતર્ગત ઈ.સ. ૧૯૨૨ ની અંદર 'પુરાતત્વ' સામાયિક શરૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સામયિક તેના નામ પ્રમાણે ભારત અને ગુજરાતના શિલ્પ, સ્થાપત્ય, કલા, ધર્મ, તત્વજ્ઞાન વગેરે જેવા ઈતિહાસને સ્પર્શતા વિષયો ને રજૂ કરતું હતું. કોઈપણ સામયિકની સૌથી મહત્વની બાબત એ સામયિકની અંદર પ્રકાશિત થતું તેનું વિષયવસ્તુ હોય છે. પ્રસ્તુત લેખની અંદર 'પુરાતત્વ' સામયિકના વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને તેનું વિશ્લેષણ અને સમીક્ષા કરવામાં આવી છે કે જે દ્વારા આજથી ૯૭ વર્ષ પહેલાં 'પુરાતત્વ' સામયિક દ્વારા ગુજરાત તેમજ ભારતના ઈતિહાસથી લોકોને માહિતગાર કરવાનો કઈ રીતે પ્રયત્ન કરવામાં આવ્યો હતો તે સંબંધિત માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**સૂચક શબ્દો:** ઈતિહાસ, પુરાતત્વ, સાહિત્ય, ગુજરાતી સામયિક.

## 1. પ્રસ્તાવના:

ગુજરાતી ભાષાનું સૌપ્રથમ સમાચાર પત્ર 'મુંબઈ સમાચાર', પ્રથમ વૃત્ પત્ર 'વરતમાન', જ્યારે સૌ પ્રથમ સામયિક બુદ્ધિપ્રકાશ છે. આમ ઈ.સ. ૧૮૫૦ માં સૌપ્રથમ ગુજરાતી સામયિક 'બુદ્ધિપ્રકાશ' ની શરૂઆતથી ગુજરાતની સામયિક પ્રવૃત્તિનો આરંભ થયો હતો. ત્યારબાદ સમયાંતરે અનેક વિષયો આધારીત સામયિક પ્રકાશિત થયા હતા જે અંતર્ગત ઈ.સ. ૧૯૨૨ ની અંદર 'પુરાતત્વ' સામાયિક શરૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સામયિક તેના નામ પ્રમાણે ભારત અને ગુજરાતના શિલ્પ, સ્થાપત્ય, કલા, ધર્મ, તત્વજ્ઞાન વગેરે જેવા ઈતિહાસને સ્પર્શતા વિષયો ને રજૂ કરતું હતું. કોઈપણ સામયિકની સૌથી મહત્વની બાબત એ સામયિકની અંદર પ્રકાશિત થતું તેનું વિષયવસ્તુ હોય છે. પ્રસ્તુત લેખની અંદર 'પુરાતત્વ' સામયિકના વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને તેનું વિશ્લેષણ અને સમીક્ષા કરવામાં આવી છે કે જે દ્વારા આજથી ૯૭ વર્ષ પહેલાં 'પુરાતત્વ' સામયિક દ્વારા ગુજરાત તેમજ ભારતના ઈતિહાસથી લોકોને માહિતગાર કરવાનો કઈ રીતે પ્રયત્ન કરવામાં આવ્યો હતો તે સંબંધિત માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## 2. વિષય વસ્તુ :

ગુજરાત વિદ્યાપીઠના માધ્યમથી શરૂ થયેલ પુરાતત્વ મંદિરની વિવિધ પ્રવૃતિઓ પૈકીનાં એક અંગ તરીકે 'પુરાતત્વ' ત્રૈમાસિકની શરૂઆત કરવામાં આવી હતી. પ્રસ્તુત સામયિકના પ્રથમ વર્ષના પ્રથમ અંકના પ્રથમ લેખમાં જ શ્રીદતાત્રેય બાલકૃષ્ણ કાલેલકર પુરાતત્વ મંદિરની યોજના અને તેના એક ભાગ રૂપે 'પુરાતત્વ' ત્રૈમાસિક શરૂ કરવા અંગેના હેતુની વિસ્તૃત ચર્ચા કરે છે. 'પુરાતત્વ' ત્રૈમાસિક તેના નામ પ્રમાણે ભારત અને ગુજરાતની ભૂતકાલીન અને પુરાતન સભ્યતા અને સંસ્કૃતિના વિવિધ પાસાઓના પ્રચાર-પ્રસાર ના હેતુ માટે શરૂ કરવામાં આવ્યુ હતુ. પ્રસ્તુત સામયિકનો સંબંધ ભારતના ભવ્ય ભૂતકાળ સાથે જોડાયેલો હતો. તેથી જ પુરાતત્વ મંદિર અને 'પુરાતત્વ' સામયિકના સંદર્ભે દતાત્રેય બાલકૃષ્ણ કાલેલકર ભૂતકાળના મહત્વ અંગે ચર્ચા કરતા જણાવે છે કે 'ભૂતકાળ માનવ સમાજને આત્મપરિચય કરાવી ભવિષ્યને સ્પષ્ટ જોવાની શક્તિ આપે છે. કોઈપણ દેશમાં રાજકીય, સામાજિક અથવા સાહિત્ય વિષયક ક્રાંતિ થઇ છે અથવા નવુ ચૈતન્ય આવ્યુ છે ત્યારે પહેલા ત્યાનાં લોકોએ ભૂતકાળ તરફ જોયુ છે અને તેની પાસેથી પ્રેરણા મેળવી છે.

ઉપરાંત પ્રસ્તુત લેખોમાં લેખકે પુરાતત્વ મંદિરની યોજના, ઉદ્દેશ, કાર્યપદ્ધતિ, ભવિષ્યનું આયોજન, પ્રબંધ સમિતિના સભ્યોનો પરિચય વગેરે સંબંધિત માહિતી આપી છે. 'પુરાતત્વ' ત્રૈમાસિકની શરૂઆત અંગે દતાત્રેય બાલકૃષ્ણ કાલેલકર જણાવે છે કે 'કાર્યકર્તાઓનો

ઉત્સાહ વધે, નવા લોકો આ રાષ્ટ્રીય કાર્યમાં જોડાય, રાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આ કાર્ય પાછળ જીવન સમર્પણ કરવાની પ્રેરણા મળે તેની આજે ફક્ત શરૂઆત છે. આ ત્રૈમાસિક દ્વારા સ્વદેશાભિમાની સર્વસાક્ષરોને આ કાર્યમાં પોતાનાથી બનતો ફાળો આપવાને આમંત્રણ આપીએ છીએ.

'પુરાતત્વ' ત્રૈમાસિકમાં ઇતિહાસ સંબંધિત ઘણા જાણ્યા-અજાણ્યા સ્થાપત્યો સંબંધિત લેખો પ્રકાશિત કરવામાં આવ્યા છે જે અંતર્ગત નવાનગર સંસ્થાન (વર્તમાન જામનગર)ની સમીપે આમરણમાં આવેલ સારંગદેવ વાઘેલાના સવંત ૧૩૭૩ના શિલાલેખની જાણકારી આપતો લેખ દતાત્રેય બાલકૃષ્ણ ડિસકળકરે પ્રકાશિત કર્યો છે. પ્રસ્તુત લેખના આધારે આ લેખના લેખક ડિસકળકરનો પાત્ર પરિચય પ્રાપ્ત થાય છે. તેઓ વોટસન મ્યુઝીયમ, રાજકોટમાં ક્યુરેટરના પદે હતા તે દરમિયાન તેમણે આમરાણમાં આવેલા શિલાલેખ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી છે જેમાં આમરણ ગામની સાથે સાથે સારંગદેવ વાઘેલાના શિલાલેખની લંબાઈ, પહોળાઈ, તેની વર્તમાન સ્થિતિ સંબંધી માહિતી આપવામાં આવી છે. સૌથી મહત્વની બાબત એ છે કે પ્રસ્તુત લેખમાં મૂળ શિલાલેખના કેટલાક અંશો પણ આપેલા છે જે પરથી આ શિલાલેખ સંસ્કૃત ભાષા અને દેવનાગરી લિપિમાં લખાયેલો છે તેની માહિતી મળે છે. આ મૂળ લેખના અંશો વલ્લભજી હરિદત આચાર્યે તૈયાર કરેલી અને રાજકોટ વોટસન મ્યુઝીયમ સંગ્રહિત કરેલી છાપ(રબિંગ) ઉપરથી મળી આવ્યા છે. જ્યારે આચાર્ય શ્રી જિનવિજયજી એ વડાલી માંથી પ્રાપ્ત થયેલ શિલાલેખનાં સંદર્ભમાં અગત્યની ઐતિહાસિક માહિતી પૂરી પાડી છે. જેમાં વડાલીના નામકરણ સંદર્ભે માહિતી આપતા જણાવ્યું છે કે વડાલીનું સંસ્કૃત નામ વાટાપલ્લી છે જેમાંથી તેનું ગુજરાતી નામ વડાવલી થયું. ઉપરાંત હ્યું.એન.ત્સાંગએ પોતાના મુસાફરી વર્ણનમાં વલભી અને માલવાની વચ્ચે આવેલા જે ઓ-ચ-લી અથવા વદરી નામના સ્થળનો ઉલ્લેખ કર્યો તે આ વડાલી હોવા વિશેની ઐતિહાસિક માહિતી પ્રસ્તુત લેખમાં આપવામાં આવી છે. ઉપરાંત ગુજરાત સોલંકી વંશનાં રાજાઓનો વંશાનુંક્રમ તેમજ તેમના સમયના મહત્વના બનાવો વિષેની માહિતી આપવામાં આવી છે.

પ્રસ્તુત શિલાલેખની ભાષા-લિપિના સંદર્ભમાં લેખક જણાવે છે કે 'અક્ષરોના ઢબના સંદર્ભમાં જોઈએ તો 'અ' નું સ્વરૂપ બીજા અક્ષરો કરતા જુના વખતનુ લાગે છે. માતરા લખવાની પદ્ધતિ જૂની છે તે અક્ષર ઉપર ન લખતા અક્ષર પાછળ એક ઉભી લીટીથી બતાવેલ છે પરંતુ જ્યાં બે માત્રાનું કામ હોય છે ત્યા એક માત્રા અક્ષર ઉપર અને બીજી માત્રા તેની પછવાડે લખેલી હોય છે. જૈન સાહિત્યમાં આ પદ્ધતિને 'પત્રિમાત્રા' કહે છે. પ્રસ્તુત લેખના માધ્યમથી સારંગદેવ વાઘેલા, આગહીલવાળ પાટણ અને સારંગદેવના અન્ય લેખોના સંદર્ભે પણ વિગતે માહિતી આપવામાં આવેલી છે.

ભારતીય સાહિત્યની દ્રષ્ટિએ 'ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ' વિષય પર વિવેચાત્મક માહિતી આપવામાં આવેલી છે. પ્રસ્તુત લેખમાં ભારતીય દર્શનનો મહિમા સમજાવતા જણાવ્યું છે કે 'દર્શન એટલે તત્વવિદ્યા, ભારતીય દર્શનનું ધ્યેય જે-તે વિષયોનું વાસ્તવિક જ્ઞાન મેળવવા ઉપરાંત છેવટે તે દ્વારા મોક્ષ મેળવવા સુધીનુ છે. આ જ કારણથી ભારતીય દર્શનોના પ્રતિપાદ્યનાં વિષયનું ક્ષેત્ર સંસાર અને તેનાંથી પરની સ્થિતિ સુધી લંબાવેલુ છે. પ્રસ્તુત લેખમાં વૈદિક દર્શન, બૌદ્ધ દર્શન, જૈન દર્શન, આજીવક દર્શન ઉપર વિગતે ચર્ચા કરવામાં આવી છે.

'પુરાતત્વ' ત્રૈમાસિકમાં વિષયવસ્તુના સંદર્ભે ભારતીય સંગીતનું ઐતિહાસિક અવલોકન નારાયણ મોરેશ્વર ખરે એ પોતાના લેખમાં કરેલુ છે. ભારતમાં સંગીતશાસ્ત્રના ઇતિહાસ વિશે વાત કરતા લેખક સંગીત મકરંદના પ્રથમપાદના શ્લોક નં ૧૮ ની એક પંક્તિ ટાંકે છે.

साम्वेदादिदं गीत संजगाह पितामहः|

तद्गीतं नारदायेत तेन लोकेसु दरणीतम||

પ્રસ્તુત લેખમાં સંગીતની ઉત્પત્તિને વેદોના સમયગાળા જેટલી જ જૂની છે તે સંબંધિત ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપરાંત સંગીત અને વેદો, ઉપનિષદો વચ્ચેનો સંબંધ, સંગીતના વિવિધ સ્વરો, વાદ્યો, સ્તુતિઓની વિગતે માહિતી આપવામાં આવી છે.

શ્રી ધર્માનંદ કોસાંબીએ ભાબરાના અશોકના શિલાલેખના સંદર્ભે ઐતિહાસિક માહિતી પૂરી પાડી છે. પરદેશી મુસાફરોએ અમદાવાદના કરેલા વર્ણન વિશેનો લેખ ઘણી રસપ્રદ માહિતી પૂરી પાડે છે જેમાં ગુજરાતના પાટનગર તરીકે અમદાવાદનો ઉલ્લેખ જોવા મળે છે. અહમદશાહે અમદાવાદ શહેરને ફરીથી બંધાવ્યુ બાકી એ શહેર તથા પ્રાંત અહમદશાહ પહેલા ગુજરાતના નામથી ઓળખાતા. શાહજહાને અમદાવાદને 'ગર્દાબાદ' એટલે કે ધૂળનું ઘર કહ્યુ છે. કા.કે. શહેરમાં બેસુમાર ધૂળ રહેતી. ઉપરાંત અમદાવાદની સાબરમતી નદી, મધ્યમાં બાગવાળું સરોવર(કાંકરિયા તળાવ), અમદાવાદનો કોટ અને બુરજો, જુમા મસ્જીદ, અમદાવાદના ડચ લોકો, શાંતિદાસનું મંદિર, શાહઆલમનો રોજો, સરખેજ રોજો, પાંજરાપોળ, સરખેજની ગળી વગેરેના પરદેશી મુસાફરોએ કરેલા વર્ણનની રસપ્રદ નોંધ પ્રસ્તુત લેખમાં જોવા મળે છે.

પુરાતત્વ ત્રૈમાસિકમાં જુનાગઢના ઈતિહાસના સંદર્ભમાં ચુડાસમા રાજાઓના શિલાલેખો અને તેમની વંશાવળી વિશે મહત્વપૂર્ણ ઐતિહાસિક માહિતી પ્રાપ્ય થાય છે. આ લેખમાં ચુડાસમા વંશના તમામ રાજાઓ સાથે જોડાયેલી અગત્યની ઐતિહાસિક વિગતો તેમના સમયકાળ સાથે આપવામાં આવેલી છે જે નોંધપાત્ર બાબત કહી શકાય. 'પુરાતત્વ' ત્રૈમાસિકમાં ગુજરાતના ઈસ્લામી શાસનના ઈતિહાસની જાણકારી માટે ઈસ્લામી ગ્રંથ સામગ્રી વિષે અગત્યની માહિતી રજુ કરેલ છે. પ્રસ્તુત લેખમાં ગુજરાતના ઈસ્લામી અમલની જાણકારી આપતા ગ્રંથોને ભાષા પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે.

અરબી ભાષા :

૧) બીલાઝરીની ફૂતુહુલાબલદાન

૨) મસઉદી

3) ઈબ્ને બતુતાનો પ્રવાસ

૪) અનનુરુસ્સાફ્ર

૫) અલમુસર એરરવી

૬) ઝફરૂઉલવાલા બમુઝફ્ફર ઉલવાલા

ફારસી ભાષા :

૧) ફિરસ્તા

૨) મીરાને સિકંદરી

3) મીરાને અહમદી

૪) માલવાની તારીખ

૫) તારીખે બીજાપુર

૬) તારીખે અમબાયન

૭) સ્યાજુસ સલાતીન

ઉર્દુ :

૧) તમદુને હિન્દ

૨) મોલવી ઝુકા ઉલ્લાનો હિન્દ નો ઈતિહાસ

3) સેરૂલ અજમ

૪) સૈયદ અલી તુરકીનું સરનામું

૫) યોદ અપ્યામ

૬) ખીલાસ્ત અને હિન્દુસ્તાન

૭) અબદુરનું સફરનામુ

ઐતિહાસિક દસ્તાવેજોના સંદર્ભમાં 'પુરાતત્વ' ત્રૈમાસિકમાં પાટણના બે જુના દસ્તાવેજો(સંપતિની વહેચણી અને વેચાણના આધારને લગતા), અગત્યના બે ઐતિહાસિક પક્ષો(જેમાં એક માંગરોળના સૈયદ આમદ બિન સિકંદર અને બીજો શાહ આલમનો છે)અને પ્રલ્લાદ્પુર(પાલનપુર) ની બે સંસ્કૃત પ્રસસ્તી સંદર્ભે વિગતો આપવમાં આવી છે.

ઉપરાંત 'પુરાતત્વ' ત્રૈમાસિકમાં ગુજરાત અને ભારતના પ્રાચીન ઇતિહાસ સંબંધિત વિવિધ લેખો જેવાકે આપનું ઐતિહાસિક સાહિત્ય, સંસ્કૃત નાટ્ય સાહિત્ય, કૌટીલ્યનુ અર્થશાસ્ત્ર, તળાજાનો પ્રાચીન વિહાર, બૌદ્ધસાહિત્યનો વિસ્તાર, ઐતિહાસિક જૈન પ્રશસ્તિ, વજ્જી અને લીચ્છવીના રાજાઓ, જ્યોતિષશાસ્ત્ર, વેદાંગ, વૈશાલી ગણરાજ્યના શાસક ચેટક, વલ્લભીના રાજા ધ્રુવસન, સૌરાષ્ટ્ર અને માલવાના સિક્કાઓ, બુદ્ધચરિત્ર, હસ્તલિખિત પુસ્તકો, ચૌલુક્ય રાજાઓના સવંતો, ગુજરાતના અપ્રકટ શિલાલેખો, આયુર્વેદનો ઇતિહાસ, વડાલીના શિલાલેખો, ભારતીય નાટ્યશાસ્ત્ર વગેરે લેખોના માધ્યમથી મહત્વપૂર્ણ પુરાતાત્વિક અને ઐતિહાસિક માહિતી પૂરી પાડવામાં આવી છે.

**૩. સમાપન:**

આમ, વિષયવસ્તુના સંદર્ભે જોતા 'પુરાતત્વ' સામયિકની અંદર પ્રાચીન ભારતીય તેમજ ગુજરાતના વિવિધ પ્રકારના સ્થાપત્યો, સ્મારકો, શિલાલેખો, પ્રાચીન ભારતીય ધર્મગ્રંથો વગેરેના સંદર્ભમાં વિવિધ લેખકો, ઇતિહાસકારોએ પોતાના લેખો રજૂ કર્યા છે કે જે દ્વારા પ્રાચીન ભારતીય તેમજ ગુજરાતી ઇતિહાસ તમે જ પુરાતત્વના વિવિધ પાસાઓથી પરિચિત થઇ શકાય છે.

**સંદર્ભસૂચિ :**

**(વિવિધ અંકોમાં પ્રકાશિત લેખો અને તેના લેખકો)**

૧. રસિકલાલ છોટાલાલ પરીખ (૧૯૨૫), 'પુરાતત્વ', ગ્રંથ-3, અંક-3, પૃ.૨૭૮

૨. રસિકલાલ છોટાલાલ પરીખ (૧૯૨૨), 'પુરાતત્વ મંદિરની યોજના', 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૧, પૃ. ૫

3. આચાર્યશ્રી જિનવિજયજી (૧૯૨૬), 'વડાલીનો શિલાલેખ', 'પુરાતત્વ', ગ્રંથ-૪, અંક-3-૪, પૃ. ૨૮૦

૪. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૧૯૨૨), 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૧, પૃ. ૭

૫. દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર (૧૯૨૨), 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૨, પૃ. ૩૭

૬. પંડિત સુખલાલ (૧૯૨૩), 'ભારતીય દર્શનોમાં આધ્યાત્મિક વિકાસક્રમ', 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-૨, પૃ. ૧૯૯

૭. નારાયણ મોરેશ્વર ખરે (૧૯૨૩), 'ભારતીય સંગીતનું ઐતિહાસિક અવલોકન', 'પુરાતત્વ', ગ્રંથ-૧, અંક-3, પૃ. ૨૫૨

૮. ચુનીલાલ બારોટ (૧૯૨૪), 'પરદેશી મુસાફરોએ કરેલા અમદાવાદ ના વર્ણનો', 'પુરાતત્વ', ગ્રંથ-૨, અંક-૨, પૃ. ૧૯૭

૯. અબુલ ઝફર નદવી (૧૯૨૫), 'ગુજરાતના ઇસ્લામી ઇતિહાસની ઇસ્લામી ગ્રંથ સામગ્રી', 'પુરાતત્વ', ગ્રંથ-3, અંક-૨, પૃ. ૧૨૯